# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૩૦-૦૩-૨૦૨૪ શનિવાર          સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ભારત રત્ન પુરસ્કાર સમારોહ:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા. શ્રીમતી મુરમૂએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિમ્હા રાવ અને ચૌધરી ચરણ સિંહ, બિહારના બે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર અને કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનને મરણોપરાંત દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા હતા.. રાષ્ટ્રપતિ આવતીકાલે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર અર્પણ કરશે.

- (RNU અમદાવાદ)

---

## ગુજરાત વિદ્યાપીઠ અભ્યાસક્રમ:

ગુજરાત વિદ્યાપીઠમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોની કુલ એક હજાર 882 બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.

આ તમામ કોર્સમાં કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ ઉપરાંત પ્રથમ વખત વિદ્યાપીઠ દ્વારા પર એન્ટ્રન્સ ટેસ્ટ લેવાનું નક્કી કરાયું છે. કોમન ટેસ્ટ ઉપરાંત વિદ્યાપીઠ દ્વારા ગુજરાત વિદ્યાપીઠ એલિજિબિલીટી એફિશિયન્સી ટેસ્ટ ફોર એડમિશન – ગીતા લેવામાં આવશે. આ બંને પૈકી કોઈપણ પરીક્ષા આપીને પ્રવેશ મેળવી શકશે.

આ પરીક્ષા માટે વિદ્યાર્થીઓ 29મીથી લઈને 30મી એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. સીયુઈટી અને વિદ્યાપીઠ એન્ટ્રન્સના ગુણાંકના આધારે આગામી 24મીથી 26મી જૂન દરમિયાન પ્રવેશ પ્રક્રિયા યોજવામાં આવશે. આગામી પહેલી જુલાઈથી નવું શૈક્ષણિક સત્ર શરૂ કરવામાં આવશે.

- (RNU અમદાવાદ)

---

## પંડિત શ્યામજીકૃષ્ણ વર્મા-શ્રદ્ધાંજલિ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માને તેમની પુણ્ય તિથિ પર શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રી મોદીએ ભારતીય સ્વતંત્રતા ચળવળના અદમ્ય નેતા , તેમની અદમ્ય ભાવના અને સ્વતંત્રતાના હેતુ માટેની તેમની પ્રતિબદ્ધતાને ક્યારેય ભૂલી શકાશે નહીં તેમ જણાવ્યુ હતું.

પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની પુણ્યતિથિ નિમિત્તે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો . મોહન પટેલની અધ્યક્ષતામાં પુષ્પાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો . આ કાર્યક્રમ અંતર્ગત પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા વિષય પર હરેશભાઈ ધોળકિયા દ્વારા આખ્યાન યોજવામાં આવ્યું હતું . જેમાં કચ્છ યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ હાજર રહ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## મુખ્યમંત્રી જ્ઞાનસાધના-ગુજકેટ પરીક્ષા:

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આજ રોજ કોમન એન્ટરન્સ ટેસ્ટ અને મુખ્યમંત્રી જ્ઞાનસાધના સ્કોલરશીપ પરીક્ષાઓ લેવા ઈ હતી . આ પરીક્ષા દરમિયાન કેન્દ્રના સ્થળ અને આસપાસના વિસ્તારમાં ચુસ્ત સલામતી વ્યવસ્થા ગોઠવાઈ હતી . વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ અને શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી હતી. જિલ્લામાં 98 પરીક્ષા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા હતા. પરીક્ષા કેન્દ્રો અને બિલ્ડીંગોને 100 મીટરની ત્રિજ્યામાં જરૂરી પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા.

આવતીકાલે ભુજની 10 શાળાઓમાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી એન્જીનીયરીંગ અને મેડીકલ માટે ફરજીયાત એવી ગુજકેટની પરીક્ષા લેવાશે . જેમાં જિલ્લાના 1899 છાત્રો પરીક્ષા આપશે. આ પરીક્ષા ત્રણ સેશનમાં લેવાશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## મતદાન જાગૃતિ કાર્યક્રમ:

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન ( SVEEP) અંતર્ગત કચ્છ જિલ્લામાં મતદારો અને પ્રથમ વખત મતદાન કરનારા મતદારોમાં મતદાન જાગૃતિ આવે તે માટે કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ધો.૧૨ની બોર્ડની પરીક્ષાના અંતિમ દિવસે તમામ પરીક્ષા કેન્દ્રો પર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપીને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. જિલ્લાના નાગરિકો અને યુવા મતદારોમાં ચૂંટણી પ્રક્રિયા અને મતદાનના મહત્વને લઈને જાગૃતિ ફેલાવવા ૨૦ હજારથી વધુ પરીક્ષાર્થીઓ સંકલ્પબદ્ધ થયા

હતા. કાર્યક્રમમાં લોકશાહીના મહાપર્વ એવા ચૂંટણી પર્વ , મતદાન અને ચૂંટણી પ્રક્રિયા વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

- (માહિતીખાતુ - ભુજ)

---

## પ્રા. વિજ્ઞાન કેન્દ્ર ભુજ-સેમીનાર:

પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર– ભુજ ખાતે "આજના સમયમાં બાળકોની દેખભાળ કેવી રીતે કરવી?" વિષય પર વિશેષ સેમિનારનું આયોજન આવતીકાલે રવિવારે સાંજે 5 થી 6:30 દરમિયાન કરવામાં આવ્યું છે. જેમાં સંસ્થાના પ્રોજેક્ટ ડીરેક્ટર દ્વારા વાલીઓને બહોળી સંખ્યામાં ભાગ લેવા અનુરોધ કરાયો છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## આઈપીએલ:

ઈન્ડિયન પ્રીમિયર લીગ આઇપીએલમાં આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાશે. મેચ સાંજે સાડા સાત વાગે શરૂ થશે. લીગ તબક્કાની આ 11મી મેચ લખનઉના હોમ ગ્રાઉન્ડ અટલ બિહારી વાજપેયી સ્ટેડિયમમાં રમાશે.

લખનઉ તેની પ્રથમ જીતની રાહ જોઈ રહ્યું છે , જ્યારે પંજાબે બેમાંથી એક મેચ જીતી છે અને એકમાં હારનો સામનો કરવો પડ્યો છે.

- (વિરલ રાણા)

---